
વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.



સર્વ જ્ઞાનીપુરુષોના વચનોનું સમન્વય કરી તેમના જ્ઞાનીપણાને સમજાવનાર, વર્તમાન સમાજને અતિ ઉપકારી એવા સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને તેમના ૯૧માં જન્મજયંતિ (માગશર સુદ આઠમ) પ્રસંગે તેમની ઉપકારસ્મૃતિરૂપે સ્વાનુભૂતિપ્રકાશ પરિવારના ભક્તિપૂર્ણ શત-શત વંદન

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૨, વર્ષ–૨૫, ડિસેમ્બર–૨૦૨૩


## પૂજ્ય ગુરુદેવશ્રીના ‘પરમાગમસાર’માંથી ચૂંટેલા વચનામૃતો




નિજ પરમ પાવન પરમાત્માનું નિજ પરમ સ્વરૂપ, તેનાં પ્રવાહની પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા એ અમૂલ્ય ચિંતામણી રત્ન છે કે જેનું મૂલ્યાંકન હોઈ શકે નહિ. ૫.

*

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે જ છે. ૧૭.

*

નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મ સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે બાર અંગનો સાર એ છે કે આત્માને જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો. કેમકે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જેવું જ છે. ૨૫.

*

પ્રશ્ન : આત્માની સન્મુખ શી રીતે થવું ?

ઉત્તર : પરની સામે જોવે છે તે સ્વની સામે જોવાથી સ્વસન્મુખ થવાય. અનંત અનંત જ્ઞાનાનંદ સામર્થ્યવાળી વસ્તુ છે તેનું જેવું અને જેટલું મહાત્મ્ય છે તેવું અને તેટલું મહાત્મ્ય તેના જ્ઞાનમાં આવે તો તે જ્ઞાન સ્વસન્મુખ થઈ શકે. ૩૨.

*

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ કેટલું ! – એમ અંદરમાં દેખે – પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ

છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની - જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી. પરદ્રવ્ય પોતામાં નથી - એમ જાણી લ્યે છે. ૬૨.

*

જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે. ૬૯.

*

અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહીં અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૯૭.

*

મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભિખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૯૮.

*

ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એક વાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૧૦૦.

*

દેવ–ગુરુ–શાસ્ત્ર એમ કહે છે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી. અમને તેં ઓળખ્યા નથી. ૧૦૧.

*

અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ? આવું પરમાત્માપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ, આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે ? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

*

ત્રણ લોકનો નાથ આત્મવસ્તુ અભેદ છે. તેના ઉપર લક્ષ જતાં સમ્યગ્દર્શન થાય છે. ગુણ–ગુણીના ભેદમાં લક્ષ રહેતાં વિકલ્પ ઉઠશે, રાગ થશે, બંધન થશે, તેથી ગુણ–ગુણીના ભેદને જાણતો નથી. એમ અલોપ કરી દેને ! અને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં દૃષ્ટિ દેને ભાઈ ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. પણ દ્રવ્ય ને ગુણની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ નથી કહ્યું. ૧૩૫.

*

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતા આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય–પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાનદર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ ! તારા ઘરની શી વાત ! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક–એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક–એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક–એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક–એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક–એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે. તથા અનંત શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી

ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે. તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય. ૧૬૯.

*

એક-એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર દૃષ્ટિ મૂકતાં ગુણ શુદ્ધ પરિણમતો નથી પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતાં અનંતગુણનું નિર્મળ પરિણમન થાય છે – એમ કહીને ગુણભેદ ઉપરની દૃષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમે છે એમ કહ્યું. ૧૮૩.

*

આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૩.

*

અહો ! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં-લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૧૯૯.

*

અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ ! કેવળજ્ઞાન નથી ને ! કેવળજ્ઞાનનું કામેય શું છે ? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

*

ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદૃષ્ટાના) નહીં. એમ દૃષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

*

રાગ હોવા છતાં સાધકના હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૨૦૩.

*

જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૨૦૯.

*

જિતના સામર્થ્ય દ્રવ્યમેં પડા હૈ, ઉતના સામર્થ્ય દૃષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દૃષ્ટિ નહીં હોતી. ૨૧૯.

*

સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા ! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૨૨.

*

આત્મા આનંદસ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ ને તપ ઈ બધું ''વર વિનાની જાન'' જેવું છે. ૨૨૭.

*

ભાઈ ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને ! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમપારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણ સ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૨૬૫.

*


# ‘આત્મ-રુચિ’ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો લેખ

જીવના પરિણમનમાં જેમ જ્ઞાનની પ્રધાનતા છે તેમ રુચિનાં પરિણામ પણ આગવું મહત્ત્વ ધરાવે છે. પરમાર્થમાર્ગમાં તે વિષય સમજવો અગત્યનો હોવાથી આ વિષયમાં યત્કિંચિત્ વિચારણા કરવા યોગ્ય છે; જેથી વિરાધક પરિણામથી થતું અહિત ન થાય અને નિજ હિત સાધી શકાય.

(ભાવ) દર્શનમોહનો અનુભાગ ઘટવાથી ઉત્પન્ન જે આત્માના નિર્દોષતા - પવિત્રતાપ્રત્યયી સુહાતા પરિણામને ‘રુચિ’ કહેવા યોગ્ય છે; જે વિકસિત થઈ નિર્દોષ પરિપૂર્ણ પવિત્ર આત્મ-સ્વભાવને જ વિષય કરે છે અથવા અનન્ય ભાવે ચાહે છે. આમ સવળી રુચિથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, અને આ વિષય સિવાય રાગની - દોષની - પુણ્યની - કષાયની - અનેક પ્રકારના સંસારના ભાવોની જો રુચિ હોય તો તેથી મિથ્યાત્વ દૃઢ થાય છે. મુમુક્ષુ જીવની વિધિ - વિષયક ભૂલ ન રહે, તે આ વિચારણાનો ખાસ હેતુ છે.

સ્વભાવની ‘યથાર્થ રુચિ’ સ્વભાવના ભાવ-ભાસનથી ઉત્પન્ન હોય છે, અને તેથી સ્વભાવનું રુચિવંત જીવને ઉદયનાં અનેક કાર્યોનો પ્રસંગ પૂર્વકર્મ અનુસાર રહે છે, ત્યારે ઉદયની પ્રવૃત્તિ ખટકે છે અને બોજારૂપ લાગે છે; તેવા સમયે અનેક કાર્યો કરવા છતાં પણ જાગૃતિ અને સાવધાની તેમજ લક્ષ્ય, આત્મસ્વભાવનું જ રહ્યા કરે છે, અર્થાત્ બાહ્ય પ્રવૃત્તિ ‘ઉપયોગરહિત ચક્ષુ’ ની જેમ ચાલે.

જેમ પતંગિયું દીપકની રુચિવશ ઝપટ મારીને દીપકમાં પડે છે, તેમ આત્મ-રુચિ પુરુષાર્થના વેગને ઉત્પન્ન કરનારી હોવાથી શિથિલતા અને પ્રમાદને દૂર કરી, સ્વભાવપ્રતિ જોર કરીને ઊછળે છે. રુચિમાં સ્વભાવ સિવાય બીજું પોષાતું નથી. સ્વવિષયની પ્રાપ્તિ સિવાય ચાલે નહિ - 




તેવી સ્થિતિ જ યથાર્થ રુચિમાં હોય; બીજું પોષાય ત્યાં રુચિ (સ્વ - વિષયક) નથી, તેમ સમજવા યોગ્ય છે. રુચિવાનને આત્મકલ્યાણ દૂર નથી.

આત્મ-રુચિ સ્વયં ધર્મની પાત્રતા છે. રુચિ સહિતના પરિણામ સહજ વૈરાગ્ય અને ઉપશમથી તરબોળ હોય છે. પરંતુ યથાર્થ રુચિ વગરના શુભ ભાવો પણ લૂખા અને ચંચલતાવાળા હોય છે.

આત્મ-રુચિ વગર ભેદજ્ઞાન પણ થઈ શકતું નથી. પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનમાં ‘‘ભેદજ્ઞાન સંવરનું કારણ હોવાથી કરવા યોગ્ય છે’’ - તેમ સમજવા છતાં, રુચિના અભાવે ભેદજ્ઞાન થતું નથી. પરંતુ આત્મ-રુચિવંત જીવ સહજ ભેદજ્ઞાન (રાગની અરુચિ હોવાને લીધે) કરે છે.

વળી, સ્વરૂપ-સાધના કરવા ઈચ્છતા કોઈ જીવો બહિર્મુખ પ્રવર્તતા ઉપયોગને પલટાવી અંતર્મુખ કરવા ચાહે

છે, પરંતુ અનાદિથી પર અને રાગની રુચિને પલટાવ્યા વગર ઉપયોગ પલટીને અંતર્મુખ થતો નથી. – આ માર્ગની વિધિનો ક્રમ છે, અથવા યથાર્થ કાર્યપદ્ધતિ છે. અવિધિએ કાર્ય થઈ શકતું નથી; છતાં કરવાનો ઉદ્યમ કરે તો મિથ્યાત્વ દ્રઢ થાય છે. તાત્પર્ય આ છે કે – 'અંતરની રુચિ વગર અંતરમાં જવાતું નથી.'

આત્મ-રુચિના સદ્‌ભાવમાં સ્વરૂપ પ્રાપ્ત કરવું સહજ – સુગમ લાગે છે. રુચિ વગર 'તે' અઘરું અથવા કઠણ લાગે છે. 'અનુભવપ્રકાશ' ગ્રંથમાં પૂજ્ય શ્રી દીપચંદજી કાસલીવાલ એમ કહે છે – ''આ કાળમાં સ્વરૂપનો અનુભવ કઠણ છે, તેમ માનનાર સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે.'' ઉક્ત વચનામૃતના આલોકમાં મુમુક્ષુ જીવે પોતાનાં રુચિ સંબંધિત પરિણામ તપાસવા યોગ્ય છે.

સ્વરૂપની અરુચિને લીધે જીવ મોક્ષમાર્ગને કઠણ સમજીને બીજો કોઈ સહેલો માર્ગ અપનાવે છે, અને તેથી ઉન્માર્ગે ચઢી જાય છે; એવા જીવને અધ્યાત્મ – વિષયનો નિષેધ વર્તે છે.

સ્વરૂપની અરુચિને લીધે અન્ય પ્રવૃત્તિ સંબંધિત કુતૂહલ અને રાગ રહ્યા કરે છે, અને અંતર્મુકનો પુરુષાર્થ... 'પછી કરીશ' ...તેવાં પરિણામ રહે છે.

આત્મ-કલ્યાણની ઈચ્છા અનંત કાળમાં અનંત વાર થવા છતાં, અને તદ્‌અનુસાર બાહ્ય ક્રિયા કરવા છતાં, સ્વરૂપની યથાર્થ રુચિના અભાવને લીધે જ તેમાં સફળતા મળી નથી. તે ધ્યાનમાં લેવા યોગ્ય છે.

સ્વરૂપ-રુચિને લીધે સ્વરૂપનું અનહદ આકર્ષણ રહે છે; જેથી અન્ય સર્વ સહજપણે વિસ્મૃત થઈ જાય છે. અરે ! રુચિ સ્વયં પોતાને પણ ભૂલીને પ્રવર્તે છે; અને રુચિના વિષયમાં કેટલો સમય પસાર થઈ જાય તેનો પણ ખ્યાલ રહેતો નથી.

જેને જેવી રુચિ હોય તે તેવા જ રુચિવાળાનો સંગ કરે છે. જેથી પોતાની રુચિને પોષણ મળે. અને તેવાં જ નિમિત્તોની કૃત-કારિત અનુમોદના કરે છે. જો કોઈ તેમાં બાધક થાય તો તેની પ્રત્યે તેને દ્વેષ થાય છે. આ કારણથી માણસની સંગત ઉપરથી તેની યોગ્યતા / રુચિનું માપ થાય છે.

મૃત્યુ સમયે પણ જેની રુચિ હોય તે વિષયની મુખ્યતાવાળાં પરિણામ સહજ જ ઉત્પન્ન થઈ આવે છે.

આવા દુઃષમકાળે અધ્યાત્મની આવી સૂક્ષ્મ વાત રુચે, તે વિશેષતા છે; તેને વધુ ભવ હોય નહિ.

મિથ્યાત્વ તીવ્ર થવાથી જીવને દોષની રુચિ થાય છે, ત્યારે તે પોતાના દોષનો બચાવ / રક્ષણ કરે છે; અને જેનો પક્ષ હોય તેના દોષનો પણ બચાવ / રક્ષણ કરે છે, પરિણામે સદ્‌વિચારબળ નાશ પામે છે. પરંતુ દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા મિથ્યાત્વરસ ઘટવાથી જીવને ગુણની / સ્વભાવની રુચિ થાય છે, તે જીવ સમ્યક્‌ત્વનો અધિકારી થાય છે. રુચિ બાધક કારણોને ફટાફટ હટાવી, પોતાના વિષયને ગ્રહણ કરે છે.


અનાદિથી (પર્યાયનું વેદન હોવાથી) જીવ પર્યાય માત્રપણે પોતાને અવધારીને પર્યાયબુદ્ધિ થયો થકો, પર્યાયમાત્રમાં રુચિ વડે મૂર્છિત થયો થકો, પર્યાયમૂઢ થયેલ છે; તેથી તેને નિશ્ચયસ્વરૂપની અરુચિ વર્તે છે. પર્યાયની રુચિને લીધે રાગ અને પરની રુચિ સહજ થાય છે, જે સર્વ પ્રકારના દોષ અને દોષની પરંપરા સર્જવાનું મૂળ કારણ છે.


યથાર્થ રુચિના સદ્‌ભાવમાં જીવનાં અન્ય પરિણામો પણ તદનુસાર આત્મરસવાળાં હોય છે. સાથે સાથે જ્ઞાનમાં સ્વભાવની મુખ્યતા – નિશ્ચયનો પક્ષ અભેદભાવ સાધવાના કારણભૂત થાય છે. અને સહજપણે સ્વરૂપનું ચિંતન, મનન, ભાવના અને લગનીવાળું ઘોલન વગેરે પરિણામો ઉલ્લાસિતભાવે અને ધગશથી સતત થયા કરે છે. – જાણે કે, રુચિ સર્વગુણોના પરિણામને સ્વભાવ પ્રત્યે ખેંચી લાવતી ન હોય !

અંતમાં, રુચિ એ સમ્યક્ શ્રદ્ધાનું પૂર્વભૂમિકામાં કાર્ય કરતું પરિણમન છે. સમ્યક્ શ્રદ્ધા સ્વભાવ – સત્તાનું તાદાત્મ્યભાવે ગ્રહણ કરે છે, જેનો પ્રયાસ રુચિના કાળમાં (prestage of getting self existence) સ્વસત્તાને ગ્રહણ કરવાની વૃત્તિરૂપ વર્તતી દશારૂપે થાય છે.

*

## ‘આત્મ-રુચિ’ વિષય પર પ્રકાશ પાડતા પૂજ્ય ભાઈશ્રીના વચનામૃતો






મુમુક્ષુની ભૂમિકામાં કેટલાક ગુણ હોવા આવશ્યક છે; જેમાં આત્મરુચિની પ્રધાનતા છે. જેના કારણે સરળતા, પ્રયોજનની પક્કડ, યથાર્થ ઉદાસીનતા, વગેરે ગુણ ઉત્પન્ન થાય છે. આત્મરુચિ વિના ક્ષયોપશમજ્ઞાન કાર્યકારી થતું નથી, કેમકે પ્રયોજનભૂત વાત ઉપર લક્ષ જતુ નથી; પારમાર્થિક સરળતા ઉત્પન્ન થતી નથી. દેવ,ગુરુ પ્રત્યે અર્પણતા, આત્માર્થીતા આદિના મૂળમાં આત્મરુચિ હોવા યોગ્ય છે. આત્મરુચિ જ જીવને સંસારથી યથાર્થ ઉદાસીનતામાં રાખે છે. અને અંતર જિજ્ઞાસાપૂર્વક અંતર ખોજને ઉત્પન્ન કરે છે. દર્શનમોહને મંદ કરવાવાળો આ મુખ્ય ગુણ છે. સ્વરૂપના ભાવભાસનપૂર્વક ઉત્પન્ન થયેલી અનન્ય રુચિ સમ્યક્ત્વ ઉત્પન્ન કરવાવાળો મુખ્ય ગુણ છે. જેને મુમુક્ષુજીવે પોતાની અંદર દેખવો જરૂરી છે.

(૧૭૪૦)

જિજ્ઞાસા : કૃપાળુદેવ એમ લખે છે કે ‘એકવાર પણ જીવ સત્‌પુરુષને ઓળખે તો તે નિર્વાણ પદનો અધિકારી થાય છે.’ તો તેમાં શું રહસ્ય છે ?

સમાધાન : દ્રઢ મુમુક્ષુતા પ્રાપ્ત થયે, જીવને અંતરાત્મવૃત્તિ ઉદ્‌ભવે છે. અંતરાત્મવૃત્તિ એટલે આત્મકલ્યાણની અંતરથી ઉત્પન્ન થયેલી ભાવના-ખરી આત્મભાવના. આવી ભાવનામાં આવેલો જીવ પ્રત્યક્ષ યોગમાં સત્‌ શ્રવણ કરતો હોય ત્યારે, આત્મરસ વિભોર થયેલ જ્ઞાનીના આત્મભાવ નિમિત્તે, તે જીવને અપૂર્વ આત્મરુચિ પ્રગટ થાય છે. અત્યંતપણે સ્વભાવ રુચવાથી, સ્વભાવરુચિના કારણથી જીવને સ્વભાવના સંસ્કાર પડી જાય છે, જે સંસ્કારના બળે સર્વત્ર સત્‌ની પ્રાપ્તિ હોય છે. એકવાર સ્વભાવના સંસ્કાર પડે તેને નિયમથી સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થાય જ છે. સંસ્કાર કદી નિષ્ફળ જતા નથી. અંતે તે જીવ નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. તેથી જ સત્‌પુરુષની ઓળખાણને પ્રથમ સમકિત (તે ભૂમિકાનું) કહ્યું છે. સ્વભાવ આત્માનું શાશ્વત સ્વરૂપ છે. અને એવા નિત્ય આત્મસ્વભાવના સંસ્કાર અનિત્ય હોતા નથી કેમકે તે પૂર્ણ સ્વભાવ પ્રગટવાનું બીજ છે, એ બીજમાંથી વૃક્ષ થશે જ.

(૧૭૭૦)

*

જ્ઞાનીપુરુષની અનુભવવાણી છે, તે મુમુક્ષુજીવને, જેમ જેમ અનુભવ પદ્ધતિએ–પ્રયોગ પદ્ધતિએ પરિણમન થતું જાય છે, તેમ તેમ તે વાણી પરિણમે છે. અર્થાત્ તે વાણી આત્મા ઉપર અસર કરે છે. પ્રત્યક્ષ યોગે તે વાણીનું અતિ ચમત્કારી ફળ હોય છે, જીવની યોગ્યતા જ બદલાઈ જાય છે. આત્માર્થી જીવની આત્મરુચિને પુષ્ટિ મળવાનું આ વાણીમાં અનુપમ કારણ હોય છે. 'તું રુચતાં જગતની રુચિ આળસે સૌ' (૧૭૮૧)

*

જિજ્ઞાસા : પરિણામમાં રસ ઉત્પન્ન થાય છે, તેનું વિજ્ઞાન શું છે ? પરમાર્થે રસ કેવો હોય ?

સમાધાન : રસ વિભાવ પરિણામમાં પણ હોય છે અને સ્વભાવ પરિણામમાં પણ હોય છે. વિભાવ પરિણામમાં શુભાશુભ ભાવો સાથે તીવ્ર અને મંદ એમ બે પ્રકારે પરિણમે છે, જે કર્મના અનુભાગ બંધનું નિમિત્ત છે. - આ અનાત્મરસ છે, જે તત્ત્વદૃષ્ટિએ બંધતત્વ છે. રસનું વિજ્ઞાન સમજવા યોગ્ય છે. જ્ઞાન જે કોઈ જ્ઞેયમાં લીન - એકાગ્ર થાય, તે એવું કે અન્ય ઈચ્છા ઉત્પન્ન ન થાય, - તેને રસભાવ સમજવા યોગ્ય છે. તે જ્ઞાનપૂર્વકની લીનતા છે. જીવને જેમાં રસ હોય, તેની મુખ્યતા હોય, તેની રુચિ હોય, તેનું વજન હોય છે. પરિણામનું જેને અવલોકન હોય તેને રસ પકડાય છે. પ્રાયઃ અભિપ્રાયપૂર્વક થતા ભાવોમાં રસ ઉપજે છે અને તે જે તે પરિણામની શક્તિ છે. આત્મરસમાં આત્મ શક્તિ પ્રગટે છે. તેથી આત્મરસે કરી, આત્મામાં એકાગ્રતા થઈ, જીવ મુક્ત થાય છે. (૧૮૬૦)

*


દેહાદિ પરદ્રવ્ય અને રાગાદિ પરભાવોની ભિન્નતા તત્વજ્ઞાનના અભ્યાસથી જીવને જાણવા મળે છે. યથાર્થ પારમાર્થિક દૃષ્ટિકોણના અભાવમાં જીવને પર પ્રત્યેનો રસ જો ચાલુ રહે છે, તો પરમાં ઉદાસીનતા આવતી નથી અને પરનું એકત્વ મટતુ નથી. જો 'નિજરસ'થી ભિન્નતા જાણે તો સહજ ઉદાસીનતાને પ્રાપ્ત થઈ, આત્મરસ વૃદ્ધિગત થઈ સ્વરૂપમાં એકત્વ થાય તેથી હિત સધાવાનો કે નહિ સધાવાનો આધાર જ્ઞાન ઉપરાંત રસ ઉપર આધારીત છે. તત્ત્વના અભ્યાસી જીવને આ સમજવું પ્રયોજનભૂત છે. (૧૮૭૧)

*


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ડિસેમ્બર–૨૦૨૩, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
સ્વ. ભારતીબેન વિજયભાઈ શેઠ, ભાવનગર તથા
શ્રીમતી નંદિનીબહેન પ્રશાંતભાઈ જૈન, ભાવનગર
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા હસ્તલિખિત ડાયરીઓનું સંકલન– 'અનુભવ સંજીવની' માંથી કેટલાક ચૂંટેલા વચનામૃતો




ૐ

ભેદજ્ઞાનની વિધિ : પૂર્વકર્મ અનુસાર શુભાશુભ ભાવ અને ક્રમશઃ ઉદય પ્રસંગ છે; તે સર્વથી હું જ્ઞાનમયપણે હોવાને લીધે ભિન્ન છું. – તેમ સમભાવે 'સ્વને જ્ઞાનરૂપે વેદવું'. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે આ પ્રકારે અભ્યાસવા યોગ્ય છે. જ્ઞાનથી / સ્વથી રાગનું ભિન્નપણું અનુભવવામાં / થવામાં, જ્ઞાનથી જ્ઞાનનું / સ્વનું એકત્વ થવું તે મુખ્ય છે. જ્ઞાનમાં સ્વ અસ્તિત્વનું ગ્રહણ – વેદનથી થતાં ચિદ્‌રસ ઉત્પન્ન થાય. સહેજે આ ચિદ્‌રસ પરિણતિમાં જઈને ભળે છે.

જ્યાં જ્ઞાનગુણ છે, ત્યાં અનંત ગુણ છે. જ્યાં જ્યાં જ્ઞાન પર્યાય છે, ત્યાં અનંતગુણની પર્યાય છે. જ્ઞાન ક્રિયાના આધારે જ્ઞાન રહેલ છે. ત્યાં 'માત્રજ્ઞાન' માં – 'જ્ઞાનમાત્ર' હું પણાના વેદનમાં વિભાવનો અભાવ લક્ષિત થાય છે. રાગાદિથી જ્ઞાનની – પોતાની ભિન્નતા વેદનથી અનુભવવાનો પ્રયાસ / અભ્યાસ વારંવાર ઉક્ત પ્રકારે કરવા યોગ્ય છે. (૧૧)

*

અહો ! જગત આખું – ભલે વિવિધતા સભર છે તોપણ – પોતાથી શૂન્ય (ખાલી) જ જોવામાં આવે છે; ત્યાં તેનું આકર્ષણ શું ? તેનું આશ્ચર્ય શા માટે ? કુતૂહલ શા માટે ? અંતરમાં મહા આનંદ સભર નિજ ચૈતન્ય રત્ન ચમકે છે, ત્યાં અંતર્મુખ – કેવળ અંતર્મુખ રહેવા યોગ્ય છે – સ્થિર થવા યોગ્ય છે. (૬૭)

*

દેહ છે, તે આત્મા નથી, આત્મા તે દેહ નથી. દેહનો જોનાર, જાણનાર એવો આત્મા દેહથી પ્રગટ ભિન્ન છે. આવા ભિન્ન દેહમાં મૂર્છા હોવાથી, પ્રાયઃ જીવ તેની ચિંતનામાં આકુળતા ભોગવતો થકો, જીવન ગુમાવે છે.

મુમુક્ષુજીવે દેહની ચિંતામાં જીવન ખર્ચવું યોગ્ય નથી જ. માત્ર સ્વરૂપનું અજ્ઞાન છે; તે જ ચિંતા અને ભય થવો ઘટે છે. આ મહાન આત્મા દેહની ચિંતા કરવાને યોગ્ય નથી. દેહની વૃદ્ધિ–ક્ષય આદિ પરિણામ જોઈને હર્ષ – શોક કરવો ઘટતો નથી. મૃત્યુ સમીપ દેખાવા છતાં, જ્ઞાને કરીને, જેને દેહને વિષે મૂર્છા વર્તતી નથી – તેમને નમસ્કાર હો !! (૫૯૭)

*

અનંતકાળથી જીવે પોતાનું કલ્યાણ નથી કર્યું, તેનું કારણ આ જીવને ખરી મુમુક્ષુતા જ આવી નથી; અને અસત્સંગની ઉપાસના છે; અથવા વાસના છે. અસત્સંગમાં વસવું રુચે તે અસત્સંગની વાસના છે, જે જીવને અનાદિ ભ્રાંતિનું મૂળ કારણ છે, અને સ્વચ્છંદ જેવા ભયંકર મહારોગનું ઉત્પાદક છે. આત્માને વિષે તથા

સત્પુરુષને વિષે અરુચિ થવાનું પણ તે જ કારણ છે. ત્રણે કાળે દુર્લભ એવા સત્પુરુષના યોગે, મોટો અંતરાય થઈ જીવને પ્રતિબંધ થવાનું કારણના મૂળમાં અસત્સંગની વાસના જ રહેલી છે. લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા, અને 'કલ્પિત જ્ઞાન' થવાનું મૂળ અસત્સંગમાં રહ્યું છે. તેથી આત્માર્થી જીવે આ સ્થળે બહુ બહુ વિચાર અને વિવેક કરવા યોગ્ય છે. તે અસત્સંગથી છૂટવા જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકાર થવું તે છે. (૫૯૯)

*

અધ્યાત્મનો વિષય પરમ ગંભીર છે, તેને અગંભીરપણે કથન કરવો અથવા શ્રવણકાળે અગંભીરપણે સાંભળવું તે જીવનો મોટો દોષ છે, તેમાં ગુપ્ત અનાદર / ઉપેક્ષા (સ્વચ્છંદ) થઈ જાય છે. એમ જાણીએ છીએ. તેથી હે જીવ ! સ્વાધ્યાય કાળે ગંભીર ઉપયોગ રાખ ! સંસારમાં એક વખતના મરણપ્રસંગે પણ તદ્યોગ્ય ગંભીરતા જાળવવામાં આવે છે. તો આ અનંત મરણ નિવારણપ્રસંગની વિચારણાના વિષયમાં અગંભીર પરિણામે વર્તવું, તે બાળબુદ્ધિ શું નથી ? ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞાથી આ દોષ સહજાકારે હોય છે.

પરમ ગંભીર અધ્યાત્મતત્ત્વના પ્રતિપાદક શ્રીગુરુની ગંભીર ગુરુ–ગિરા પ્રત્યે અગંભીર વર્તના – તે સ્વચ્છંદનો પ્રકાર સમજવા યોગ્ય છે. તે શાસ્ત્ર અને ગુરુનો અવિનય છે. દર્શનમોહના આવરણનું કારણ છે. (૧૦૨૯)

*

આત્માર્થી જીવને સ્વદોષ દેખી સહજ ખેદ થાય છે. તેમાં વિભાવરસનું ઘટવું થાય છે. તેમ છતાં જે તે દોષ વારંવાર થઈ આવે છે અને ટળતાં નથી, તેથી મૂંઝવણ થઈ આવે છે. ત્યાં સ્વદોષને પ્રગટ કરવા યોગ્ય સત્સંગના યોગે તેવો સંગ ઈચ્છવો અને દોષનું નિવેદન કરવાનું સ્થાન, તે દોષ ટાળવાનો ઉપાય જાણી, તે સંગનું ઉપકારીપણું જાણવું. પૂર્ણ નિર્દોષતાના અભિલાષી જીવની આવી આચરણા હોય. જિનેશ્વરદેવનો માર્ગ લોકોત્તર નિર્દોષ–પવિત્ર છે. પૂર્ણ પવિત્ર નિજ સ્વરૂપને નિહાળવા માટે આવી તૈયારી હોય પવિત્રતાની રુચિ તે આત્મરુચિ છે. જેની રુચિ તેની સાવધાની રહે. પવિત્ર સ્વભાવની સાવધાનીમાં સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટવાનું કારણપણું છે. કારણ–કાર્યની પરંપરાનો આવો ક્રમ છે. (૧૦૩૭)

*

અહો ! સત્પુરુષના હૃદયનું ગાંભીર્ય ! માન–અપમાનની બુદ્ધિ નહિ હોવા છતાં, પોતાનો આત્મા બાહ્ય મહાત્મ્યને ન ભજે, તે અર્થે જેઓ અત્યંત જાગૃત છે, અન્ય મહાત્માઓ પ્રત્યે અને પાત્રતાવાન ઉત્કૃષ્ટ મુમુક્ષુ પ્રતિ જેઓ સહજ બહુમાનપૂર્વક વિનમ્રતાપૂર્ણ વ્યવહારથી પ્રવર્તે છે. દૃષ્ટિ સમ્યક્ હોવાથી જેમને મહા વિવેક પ્રગટ થયો છે. ધર્મ–પ્રભાવના પ્રવર્તાવતાં, મુમુક્ષુઓને 'આશ્રયમાર્ગ' બોધવા છતાં, પ્રાપ્ત મહત્ત્વથી જેઓ અંતરથી નિસ્પૃહ રહે છે, તેમ છતાં અંતેવાસી સુપાત્ર જીવની ભક્તિ–ભાવનાને કેવળ નિષ્કારણ કરુણાથી અનુમોદે છે, સ્વદોષને પણ પ્રગટ કરી જે પરસ્પરની ઐક્યતાને વૃદ્ધિગત કરે છે. તેવી સ્વ–પર કલ્યાણક વિચિક્ષણતાના ધારક ધર્માત્મા પ્રત્યે હૃદય નમી પડે છે. ખરેખર તેઓ આશ્ચર્યની પ્રતિમા જ છે. જેમ જેમ તેમના સમ્યક્ ચરણની સમીપ જવાય છે, હૃદય વારંવાર બહુમાનથી પોકારી ઊઠે છે – અહો ! અહો ! (૧૦૫૨)

*

લોકસંજ્ઞાને શ્રદ્ધા સાથે સંબંધ છે. જે લોકોના અભિપ્રાય ઉપર જીવે છે, તેને પોતા પર શ્રદ્ધા નથી. જેને પોતામાં શ્રદ્ધા છે તેને લોકોની પડી નથી હોતી. પોતાની નિર્દોષતા જ નિઃશંકતાનો આધાર હોવો જોઈએ.

સત્યને બીજાના સર્ટિફિકેટની જરૂર હોય, તો તે પાંગળુ / અપંગ થઈ જાય. લોકોના અભિપ્રાયને ખરીદવાવાળા સત્યને વેચી, આત્મઘાત કરે છે. તેવા જીવનમાં શાંતિ હોતી નથી. સમ્યક્માર્ગે ચાલનાર સ્વતંત્ર વિચારક, કોઈની પણ તમા કર્યા વિના, મસ્તીમાં જીવે છે. તેને કોઇ ઘટના કે દુર્ઘટના ચલીત કરી શકતી નથી, સર્વ પ્રસંગો માર્ગની દ્રઢતા થવામાં તેને, ઉલટાના ઉપકારી થાય છે. સાચી સમજણનો આવો સ્વભાવ છે. (૧૦૬૭)

*

સમાજમાં બાહ્ય પ્રસિદ્ધિથી આત્મામાં કાંઈ લાભ નથી. ઘણા સાથે પરિચય વધવો-તે અંતર સાધનાને અનુકૂળ નથી, એક વિકલ્પવૃદ્ધિનું તે નિમિત્ત છે. અભિપ્રાયમાં પ્રસિદ્ધિ ભોગવવાના ભાવથી પરિણતિ દુષિત રહે છે, વ્યગ્ર રહે છે. હું કેવળ નિર્વિકલ્પ સ્વરૂપ છું. વિકલ્પ સાથે મારે કાંઈ સંબંધ નથી. વિકલ્પ કાળે પણ હું જેવો (નિર્વિકલ્પ) છું તેવો જ છું. (૧૨૦૧)

*

વાવ, કુવા, તળાવના પાણી સુકાય છે, પરંતુ પાતાળ ફોડીને નીકળેલું પાણી સુકાતું નથી, તેમ (સ્વરૂપ) લક્ષના કારણથી ઉત્પન્ન થયેલ જ્ઞાન છૂટતું નથી, પરંતુ તે જ્ઞાનના, અંતરના ઊંડાણમાંથી, શેરડા ફાટે છે. આવું જ્ઞાન સ્વાનુભવનું કારણ છે. ધારણા જ્ઞાન ટકતું નથી. (૧૨૨૭)

*

એક મૃત્યુના પ્રસંગથી બચવા માટે જીવ કોઈપણ કિંમત ચુકવવા તૈયાર થાય છે. પરંતુ અનંત જન્મ-મરણથી છૂટવા માટે નજીવા બહાના કાઢે, તે અનંતી વિપરીતતા નથી ? ખરેખર (ઈમાનદારીથી) જેને છૂટવું હોય તેને આખું જગત ગૌણ થઈ જાય; અને એક આત્મહિત જ મુખ્ય થાય. છૂટવાનો કામી હોય તે છૂટવાની કોઈ તક જતી ન જ કરે. (૧૨૩૩)

*

ગુણ પ્રત્યેના પ્રેમને લીધે, ગુણાનુવાદ થવો તે ભક્તિનું સ્વરૂપ છે. અનંત નિજાત્મ ગુણોના ખીલવટનું આ બીજ છે. ''વહ કેવલ કો બીજ જ્ઞાની કહે'' (ગુરુ રૂપ) પ્રભુના ગુણોની ભક્તિના ગર્ભમાં એક અંશ નિર્મળતાથી લઈ પૂર્ણ નિર્મળતા પ્રગટવાનું બીજભૂત કારણ પડેલું છે. (ગુરુ) / પ્રભુ તો પરમ નિર્મળ પ્રેમની પ્રતિમા છે. તેમના નયનો / દૃષ્ટિ પરમ પ્રેમ વરસાવે છે, રેલમછેલ કરી જીવને પ્રેમરસમાં તરબોળ કરી મુકે છે. અહો તેમનું વાત્સલ્ય ! (૧૩૩૩)

*

જિજ્ઞાસા : કોઈ વસ્તુ સારી કે ખરાબ નથી, તેમ બરાબર સમજાય છે, છતાં ઉદય વખતે સારું / ખરાબ લાગે છે, તો તેમ ન લાગે તે માટે શું કરવું ?

સમાધાન : ઉદય વખતે જો સારાપણાની કે ખરાબપણાની કલ્પના થતી હોય તો વાસ્તવિક્તાનો અનુભવ કરવાનો પ્રયાસ કરવો અને તે જ પદાર્થને ઉદય ન હોય ત્યારે પણ પ્રયોગમાં લઈ પરિણમનને તપાસવું. આવો અભ્યાસ કરતાં પહેલા જે તે પદાર્થ વિષેના કલ્પિત અભિપ્રાયને છોડી દેવો. અથવા કલ્પિત અભિપ્રાય બદલવા માટે વારંવાર ઉપરનો પ્રયોગ કરવો. (૧૫૭૮)

*

જિજ્ઞાસા : આગ્રહ અને મક્કમતામાં શું ફરક છે ?

સમાધાન : આગ્રહના પરિણામ પરલક્ષી અને કષાય યુક્ત હોય છે, તેથી દુર્ગુણ છે. જ્યારે મક્કમતા એ સ્વલક્ષી પરિણામ છે, જે પોતાને માટે સત્ય અથવા સિદ્ધાંતને વળગી રહેવાની દ્રઢતા છે, તેથી તે સદ્‌ગુણ છે. આ પ્રકારે બંન્ને પરિણામોમાં ભેદ છે. (૧૫૮૭)

*

જીવ જે જે ઉદય પ્રસંગમાં રસ લે છે, તેની અસર તેના ઉપર થાય છે. દીર્ઘકાળ પર્યંત ઉપાસેલા સત્સંગની અસર એક ઘડીના કુસંગથી ધોવાઈ જાય છે. જ્યારે અનંતકાળથી આરાધેલ સંસારમાર્ગ, 'આત્મભાવે કરેલા સત્સંગ'થી બદલાઈ જઈ મોક્ષમાર્ગની વાટ ગ્રહણ કરે છે. મુમુક્ષુ જીવે આ વાત બહુ બહુ પ્રકારે વિચારવા જેવી છે. (૧૬૨૦)

*

જિજ્ઞાસા : સ્વાધ્યાય પદ્ધતિ કેવી હોવી જોઈએ ?

સમાધાન :- સ્વાધ્યાય સ્વલક્ષે થવો જોઈએ. એવો નિયમ છે, જેનું ઉલ્લંઘન થવું ન જોઈએ. સ્વલક્ષે સ્વાધ્યાય કરવાવાળાની દૃષ્ટિ પ્રયોજન પર રહે છે. જેથી સ્વાધ્યાયમાં પ્રાપ્ત ઉપદેશ તુરત ગ્રહણ થાય છે; ચૂકતો નથી. ક્યારેક ઉપરની ભૂમિકાની વાત ચાલે તો તેની ભાવના ભાવે છે. પરંતુ જાણપણું વધારવા સાંભળતો નથી. જાણપણું વધારવાના અભિપ્રાયથી સાંભળે/ વાંચે તો પરલક્ષ વધે છે અને શાસ્ત્રીય અભિનિવેષ - અહંભાવ ઉત્પન્ન થાય છે. પ્રયોજન તો પોતાની વર્તમાન ભૂમિકાથી આગળ વધી પૂર્ણ થવાનું છે. તેથી ઉપરની ભૂમિકાનો વિષય ભાવનાનો બને છે. અનેક દૃષ્ટિકોણથી પોતાના આત્મહિતના એક પ્રયોજનને કેન્દ્રસ્થાનમાં રાખીને પ્રવર્તવું ઘટે છે. (૧૭૩૭)

*

ઉદયભાવોમાં વજન ન જવું જોઈએ. વજન જવાથી મુખ્યતા થઈ તેનો આગ્રહ થાય છે, તે તે ભાવોમાં રસ વૃદ્ધિ થઈ આખો આત્મા ત્યાં રોકાઈ જાય છે. જ્યાં છેવટ પ્રમત્ત - અપ્રમત્ત સમસ્ત પર્યાય ઉપરથી જ પોતાપણું ઉઠાવી એકમાત્ર સંપૂર્ણ વજન દેવા યોગ્ય એવા નિજ પરમપદનું જ વજન રહેવું જોઈએ, ત્યાં સામાન્ય ઉદયમાં વજન રહે તો સ્વભાવ ઉપર વજન દેવાનો અવકાશ રહેતો નથી. - આમ વજન દેવાની ભૂલથી પરિણામનો પ્રવાહ ઊંધી દિશામાં બદલાય જાય છે. 'સાચી વાતનો આગ્રહ' –એ ભૂલ નથી એવા અભિપ્રાયથી બહુભાગ (પ્રાયઃ) આવી ભૂલ થવાનું મૂળમાં બને છે, સૂક્ષ્મ વિચારવાન જીવ હોય તો તેને તે સમજાય છે, બીજાને સમજાતું નથી. માર્ગ અવરોધનો આ એક પ્રકાર છે. (૧૮૦૧)

*

કુટુંબ પ્રતિબંધ મિથ્યાત્વને દ્રઢ કરે છે. જેથી પ્રાપ્ત પરમ સત્સંગ નિષ્ફળ જાય છે. સત્સંગના ચાહક જીવે કુટુંબની ચાહના મૂકવી ઘટે છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા જીવનું, પ્રાયઃ પરિભ્રમણ - દુર્ગતિના કારણરૂપ આ મહાદોષ પ્રતિ ધ્યાન નહિ જતું હોવાથી, તે અભ્યાસ નિષ્ફળ જાય છે. બહારમાં વ્યવસાયઆદિથી નિવૃત્તિ લઈ, મોક્ષમાર્ગ પામવા, કોઈ જીવ ધર્મ પ્રવૃત્તિ કરે છે, આવી એક બીજુ સુંદર હોવા છતાં, બીજી બાજુ કુટુંબ પ્રતિબંધક પરિણામોનો પાડે, ધર્મ પ્રવૃત્તિના ઘાસના પુળાને ચાવી જાય છે, અને અંધજનની માફક જીવને તેની

કાંઈ ખબર પણ પડતી નથી !! કુટુંબીઓ પ્રત્યે પોતાપણાથી સ્નેહ તે કુટુંબ પ્રતિબંધ છે. સંસારમાં તે સાવ સાધારણ (normal) થઈ ગયેલ છે, જેથી તેની ભયંકરતાનો જરાપણ ખ્યાલ, તત્ત્વના અભ્યાસી જીવોને પણ, આવતો નથી ! સ્વલક્ષના અભાવમાં, જીવ વંચનાબુદ્ધિએ ઉકત્ પ્રકારે, દુર્લભ મનુષ્યભવ મિથ્યાત્વને ટાળ્યા વિના જ ગુમાવે છે !!! (૧૮૦૫)

*

સમ્યક્ નિર્દોષતા એ જિનેશ્વરના માર્ગની સુંદરતા છે અને એ માર્ગ શાંત અમૃતરસની સુગંધથી મઘમઘે છે. ક્યા જીવને તે પ્રિય ન હોય !! પ્રિય ન થાય ! (૧૮૦૮)

*

પરલક્ષનો અપરાધ બહુ મોટો છે કે જે નિજ પરમાત્માનું લક્ષ છોડીને થાય છે. ખરેખર લક્ષ કરવા યોગ્ય તો અંતરમાં આનંદ સાગર છે, જેની ઉપેક્ષા અને અનાદર કરીને જીવ પરલક્ષ કરે છે. આ અપરાધનો જીવને ખ્યાલ આવતો નથી; તેથી આ અપરાધને જીવ હળવાશથી લે છે. તેથી આ દોષ ચાલુ રહે છે અને આ કારણથી જીવને ઉપદેશ ચડતો નથી. જીવે બીજા પ્રત્યેની ભાવનાના બહાને પણ પરલક્ષ કરવું યોગ્ય નથી. તે વંચનાબુદ્ધિ છે. તેથી તેવા તેવા પ્રકારમાં જાગૃતિ રાખવી યોગ્ય છે. (૧૮૧૧)

*

કુદરતની અકળ કળા અતિ ગંભીર છે, તેમ વિચારવા યોગ્ય છે. જેની અનેક ઘટના ઉદાહરણપણે જોવા મળે છે. જેવા કે અનેક મહાત્માઓ અન્યમતમાં જન્મ પામવા છતાં મૂળ માર્ગને છેવટ પામે છે, તો કોઈ મહાન સાધક જીવ; સાધનાને ગૌણ કરે તેના નિમિત્તે તેમના બાહ્ય પરિણમનના નિમિત્તે શાસનને–જગતને અનુપમ ઉપકાર થઈ જાય છે. તેનું ઉદાહરણ શ્રીમદ્ વિષ્ણુકુમાર મુનિરાજ પ્રસિદ્ધ છે. જેમના વિકલ્પના નિમિત્તે સાતસો ભાવ લિંગી મુનિઓનો ઉપસર્ગ દૂર થઈ ગયો !! બીજું ઉદાહરણ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું છે. તેમને ધ્યાનમાં નિર્વિકલ્પતા છૂટી વિકલ્પ (?) / ભાવના થઈ, 'સાક્ષાત્ તીર્થંકરદેવના દર્શન અને દિવ્યધ્વનિ–શ્રવણની'; ઉત્કૃષ્ટ પુણ્યભાવનું ફળ પણ તુરતમાં જ આવ્યું. મહાવિદેહની યાત્રા થઈ, દર્શન–શ્રવણ પ્રાપ્ત થયા અને મુમુક્ષુ જગતને સમયસાર આદિ ચોરાશી પાહુડ (ભેટ)ની પ્રાપ્તિ થઈ, જેના નિમિત્તે અનેક ધર્માત્માઓની ઉત્ત્પત્તિની પરંપરા સર્જાણી. પરોમપકારી પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રદેવ બંન્ને યુગપુરુષો શ્રી સમયસારથી ઉપકૃત થયા છે. મહાત્માઓના વિકલ્પો હંમેશા જગતને કલ્યાણકારી થયા છે; એવા મહાન આત્માઓની સાધનાનું મહાત્મ્ય ગાવાની શક્તિ વાણીમાં નથી. તેમની નિષ્કારણ કરુણાની સ્તુતિ પણ મોહને ગાળી નાખીને આત્મસ્વભાવને પ્રગટ કરે છે. અહો ! અહો ! (૧૮૫૩)

*

મહામુનિઓને જિનદર્શનથી ઉપજતા સુખથી એવો સંતોષ થાય છે કે જગતના કોઈ પદાર્થની, અરે ! ઈન્દ્રના વૈભવની પણ વાંછા થતી નથી. તો અભેદ આત્મ દર્શનથી કેવું અચિંત્ય સુખામૃત પ્રાપ્ત થાય !! તે ગવેષણીય છે. તો જે જીવો જિન–દર્શન કરી માત્ર પુણ્યફળની અપેક્ષા ભાવે, તે મૂળમાર્ગથી કેટલા દૂર છે !! અને દુર્ભાગી પણ છે ! તે શોચનીય છે. (૧૮૫૬)

*

અરે આત્મા ! અંતરમાં નજર કરીને જો તો ખરો ! કે તું કોણ છે ? તું સર્વથી ભિન્ન એક આત્મા છો. સિવાઈ કાંઈ નથી. તો પછી વિચાર કે આ રમત શી માંડી છે ? અને શા માટે માંડી છે ? ક્યાં સુધી આમ કર્યા કરવું છે ? શું હજી તને આ વ્યર્થ મિથ્યાભાવો નો થાક લાગતો નથી ? આ અગ્નિઝાળ (વિકલ્પોની પરંપરા)માં શાંતિ અનુભવાય છે ? બળતરામાં શાંતિ કે ટાઢક વળે ખરી ? તારા નિજકાર્યની જવાબદારીને કેમ વિસરે છે ? અને ભાનભૂલી પ્રવર્તે છે ? બેજવાબદારની કિંમત કેટલી ? બેજવાબદારપણે વર્તતા તેનું ફળ પણ ભોગવવું જ પડશે. (૧૯૫૦)

*

## વિનમ્ર અપીલ

“સ્વાનુભૂતિ પ્રકાશ” માસિક પત્રિકા છેલ્લા ૨૫ વર્ષથી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પ્રેરણાથી હિન્દી તથા ગુજરાતીમાં સૌને ભેંટ મોકલવામાં આવે છે. જેની પાછળ કોઈને કોઈ પાત્ર જીવના આત્મકલ્યાણની એકમાત્ર વિશાળ ભાવના નિહિત છે.

જો આ પત્રિકાનો આપને ત્યાં અથવા આપની આસપાસના સમુદાયમાં સદ્‌ઉપયોગ ન થઈ શકતો હોય અથવા સંભવિત અવિનય કે અશાતના થતી જણાય તો અમોને જાણ કરવા વિનંતી અથવા એડ્રેસ સહિત જે તે પત્રિકા અમોને પરત મોકલી આપવી કે જેથી કરી તે સરનામા ઉપર પત્રિકા મોકલવી બંધ કરી શકાય. ટ્રસ્ટની આ વ્યવસ્થામાં આપનો સહકાર અપેક્ષિત છે.

આભાર

સંપર્કઃ શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ નીરવ વોરા મોઃ ૯૮૨૫૦૫૨૯૧૩


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્‌ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો

### પત્રાંક - ૩૬૦

મુંબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૪૮

**જ્યાં પૂર્ણકામપણું છે, ત્યાં સર્વજ્ઞતા છે.**

જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે, અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.

જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે, એ અચરજની વાત છે.

જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં.

*

### પત્રાંક - ૩૬૧

મુંબઈ, વૈશાખ સુદ ૩, શુક્ર, (અક્ષયતૃતીયા), ૧૯૪૮

ભાવસમાધિ છે. બાહ્યઉપાધિ છે; જે ભાવને ગૌણ કરી શકે એવી સ્થિતિની છે; તથાપિ સમાધિ વર્તે છે.

*

### પત્રાંક - ૩૬૨

મુંબઈ, વૈશાખ સુદ ૪, શનિ, ૧૯૪૮

હૃદયરૂપ શ્રી સુભાગ્ય,

નમસ્કાર પહોંચે.

અત્ર આત્મતા હોવાથી સમાધિ છે.

અમે પૂર્ણકામપણા વિષે લખ્યું હતું, તે એવા આશયથી લખ્યું છે કે જે પ્રમાણે જ્ઞાનનું પ્રકાશવું છે, તે પ્રમાણે શબ્દાદિ વ્યાવહારિક પદાર્થને વિષેથી નિઃસ્પૃહપણું વર્તે છે; આત્મસુખે કરી પરિતૃપ્તપણું વર્તે છે. અન્ય સુખની જે ઇચ્છા નહીં થવી, તે પૂર્ણ જ્ઞાનનું લક્ષણ છે.

જ્ઞાની અનિત્ય જીવનમાં નિત્યપણું પ્રાપ્ત કરે છે, એમ જે લખ્યું છે, તે એવા આશયથી લખ્યું છે કે તેને મૃત્યુને માટે નિર્ભયપણું વર્તે છે. જેને એમ હોય તેને પછી અનિત્યપણા વિષે રહ્યા છે, એમ કહીએ નહીં, તો તે વાત સત્ય છે.


ખરું આત્મભાન થાય છે તેને, હું અન્ય ભાવનો અકર્ત્તા છું એવો બોધ ઉત્પન્ન થઈ, અહંપ્રત્યયીબુદ્ધિ, તે વિલય પામે છે.

એવું જે આત્મભાન તે વારંવાર ઉજ્જ્વળપણે વર્ત્યા કરે છે, તથાપિ જેમ ઇચ્છીએ તેમ તો નહીં. અત્ર સમાધિ છે.

સમાધિરૂપ.

*

# બહેનશ્રીનાં વચનામૃત



ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે-એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. (૨૧)

*

ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'. (૨૮)

*

અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. (૬૦)

*

તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા-જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન? (૨૬૪)

*


ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે. (૩૨૦)

*

અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા ; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.

કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.

વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું - બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે. (૩૪૩)



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીનો પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને લખેલ પત્ર (પત્રાંક–૪૪)

કલકત્તા, ૧૦–૬–૬૩

આત્માર્થી....

આપનો તા. ૩–૯ નો પત્ર મળ્યો. અગાઉનો પત્ર પણ સમયસર મળ્યો હતો.

આપે દશલક્ષણી પર્વ ત્રણ લોકમાં પરમ ઉત્તમ, નિર્ભય બનાવનાર, પરમ નિર્ભિક સિંહ-સ્વરૂપ એવા 'શ્રી ગુરુદેવ'ના સાન્નિધ્યમાં મનાવ્યું હશે. તેઓ કહે છે કે, 'સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.' નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિત-પરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવમાં ગુંજતો રહેતો અજ્ઞાન ભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.

કર્તા–કર્મ–ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાન માંહિ જાણી લેજો,
તેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

**જ્ઞાનકણિકા પત્ર દ્વારા મંગાવી પણ તે તો તમારી પાસે જ છે.** સ્વ–અવલંબનથી સહજ જ વિભાવથી અલગ થઈને, તે (જ્ઞાનકણિકા) પ્રગટતી રહે છે. **હે શશીભાઈ** ! અનેકાનેક જીવોની યોગ્યતા અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી (સોનગઢના સત્પુરુષથી) વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડારની તરફ લક્ષ્ય કરાવતી રહે છે. અહીંથી જ પૂજ્ય 'ગુરુદેવ'ના ન્યાયો અનુભવસિદ્ધ બનીને દ્રઢતા પ્રાપ્ત કરાવે છે.

'જિન (નિજ) સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધ્યાયંતે પરમ પદ, લહિએ એક ક્ષણેણ.'
(જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનથી-સમ્યગ્જ્ઞાનથી,
જિન ધ્યાન કરતાં પરમપદ, લહીએ ક્ષણ એકે.)


વાત્સલ્યાનુરાગી

**નિહાલચંદ્ર**

***


## સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સ્વહસ્તાક્ષરમાં

## આત્મ-ભાવના


આત્મ-ભાવના.

- હું સર્વથી સર્વ પ્રકારે ભિન્ન જ્ઞાનમય છું દેહાતીત સ્વરૂપ છું.
- હું એક કેવળ અસંગ તત્ત્વ છું, નિર્લેપ ચૈતન્ય છું, નિરાલંબ — નિરપેક્ષ દ્રવ્ય છું.
- હું સર્વોત્કૃષ્ટ અચિંત્ય, અનંત, અવ્યાબાધ સુખ સ્વરૂપ છું — અનંતસુખધામ છું.
- હું એકાંત શુદ્ધ પ્રત્યક્ષ અનુભૂતિ સ્વરૂપ છું
- હું નિર્વિકલ્પ સ્વરૂપ છું.
- હું શુદ્ધ, બુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ પવિત્ર છું.
- હું પરમશાંત સુધામય ચૈતન્ય છું.
- હું પરિપૂર્ણ અંતર્મુખ સ્વભાવી છું.
- હું એવા નિજ અભેદ સ્વરૂપમાં ઉપયોગ કરું છું.
- હું નિજ અભેદ સ્વરૂપમાં વ્યાપ્ય વ્યાપક-ભાવે તન્મય થાઉં છું.

"હું જ્ઞાનમાત્ર છું"


**'ધન્ય આરાધક'**

(પૂજ્ય ભાઈશ્રીના શશીભાઈના વ્યક્તિત્વની
ઝાંખી કરાવતું અનોખુ સચિત્ર પુસ્તક)
જિજ્ઞાસુને ટ્રસ્ટ દ્વારા ભેંટ મોકલવામાં આવશે.

- સંપર્ક -

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

શ્રી નીરવ વોરા મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2021-2023*
*RENEWED UPTO : 31/12/2023*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'




## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org